'માવજીભાઇ શામજીભાઇના નવા મકાનમાં વાસ્તુ લેવાનુ હોવાથી પૂજ્ય સ્વામીશ્રી આદિ સર્વ સંત મંડળ ત્યાં પધાર્યા હતા. તેજ દિવસે બપોરે શ્રી માવજીભાઇ ગોવિંદભાઇ ડબાથીયાના આગ્રહથી પૂજ્ય સ્વામીશ્રી આદિ સંતો માનકુવે પધાર્યા હતા. માનકુવામાં પૂજ્ય સ્વામીશ્રીએ મંદિરમાં રોકાઇ કથાવાર્તા કરી હરિભકતોને ખૂબ રાજી કર્યા હતા. અને સંજાના પાછા ભારાસર પધાર્યા હતા. ભારાસર મંદિરમાં પણ પૂજ્ય સ્વામીશ્રીએ ઘણીક વાતો કરી હતી જે બાપાશ્રીના સિદ્ધાંત પ્રમાણે આપણ સર્વેએ વરતવું પણ કોઇની મહોબતમાં લેવાવું નહિ ખરેખરા બાપાશ્રીના દીકરા થઇને રહેવું. બીજે દિવસે વહેલી સવારે પૂજ્ય સ્વામીશ્રી આદિ સર્વ સંતો તથા હરિભકતો નીકળી કંડલા ગયા હતા ને ત્યાંથી સ્ટીમર મારફતે ગુજરાત પધાર્યા હતા.

—લાલજીભાઇ પ્રેમજીભાઇ

રાજગઢ:—અત્રેના શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળની મીટીંગ સંવત ૨૦૧૫ ના શ્રાવણ વદ ૮ ના રોજ ભરવામાં આવી હતી. જેમાં હરિભક્તોની હાજરી ઘણા સારા પ્રમાણમાં હતી. પ્રથમ 'શ્રી સ્વામિનારાયણ'ની ધૂન્ય કરવામાં આવી હતી. પછી મંડળના મંત્રીએ મંડળનો સવિસ્તર અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો. નવા વર્ષ માટે પ્રમુખ તરીકે શ્રી. મોહનભાઇ સોમાભાઇ તથા મંત્રી તરીકે શ્રી. નટવરલાલ શાહની નિમણુંક કરવામાં આવી હતી.

શ્રાવણ માસ આખો દરરોજ સવારના ૭-૩૦ થી ૯-૦ મંડળના આશ્રય નીચે ડોકટર પ્રેમશંકરભાઇએ કથા વાર્તા નિયમીત રીતે કરી હતી. પ્રસંગોપાત શ્રી. મથુરભાઇ સર્વને શ્રીજી મહારાજની આજ્ઞાનું પાલન તથા બાપાશ્રીએ પ્રવર્તાવેલ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરિ સિદ્ધાંતો તથા અ. મુ. સદ્. શ્રી મુક્તજીવનદાસજી સ્વામી ઉનાળામાં પધારેલા તે વખતે હરિભક્તોને કથા વાર્તા કરીને તથા મૂર્તિના સુખની તથા મહિમાની જે વાતો કરેલી તે સરવે પ્રસંગોપાત વર્ણવી સર્વ હરિભક્તોને ઘણા સુખીઆ કર્યા હતા તે વગેરે ઘણીક વાર્તા કરી હતી.

શ્રાવણ વદ ૦)) ના રોજ કથાની સમાપ્તિ કરવામાં આવી હતી. વળી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૨૪ કલાકની અખંડ ધૂન્ય રાખવામાં આવી હતી મંડળમાં આશરે ૧૦૦ થી ૧૨૫ સભાસદો છે. ધૂન્ય માટે ત્રણ ટુકડીઓ પાડવામાં આવી હતી. સવારના ૯ વાગ્યાથી ધૂન્ય ચાલુ થઇ હતી અને બધા હરિભક્તોએ હાજરી આપી હતી ધૂન્યમાં પણ ઘણો અનેરો આનંદ આવ્યો હતો ભાદરવા સુદ ૧ ના રોજ શ્રી ઠાકોરજીના થાળ કરી સર્વ હરિભક્તોએ પ્રેમપૂર્વક પ્રસાદ લીધો હતો.

આ ઉત્સવોમાં ખાસ વિશિષ્ટતા એ હતી કે વરસાદ સતત ચાલુ હતો. શ્રાવણ વદ ૧૩-૧૪ ના રોજ પણ વરસાદ ચાલુ હતો. રાજગઢ અને પાલ્લી વચ્ચે નદી છે. વળી અત્રેથી ૩ માઇલ દુર એક મોટો ડેમ બંધાયો છે તે ડેમ ચિકાર ભરાઇ જવાથી વધારાનું પાણી તેમજ બીજુ પાણી નદીમાં ખૂબ આવવાથી નદી ઉતરી શકાય તેમ નહતું છતાં મંડળના પ્રમુખ તથા બધા હરિભક્તોએ હાજરી આપી આ ઉત્સવને સારી રીતે દીપાવ્યો હતો. સુદ ૧ ના રોજ પણ વરસાદ ચાલુ હતો છતાં રસોઇ કરાવવાની સર્વને જમાડવાની સુંદર વ્યવસ્થા ડૉ પ્રેમાશંકરભાઇએ અથાગ પરિશ્રમ લઇ પાર પાડી હતી.

મંત્રી

શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ

Registered No. B. 7407

# શ્રી ઘનશ્યામ વિજયના ગ્રાહકો તથા લેખકોને સૂચના

૧ ગ્રાહકોને નમ્ર વિનંતી જે **'શ્રી ઘનશ્યામ વિજય'** સત્સંગની સર્વાંગીય સેવા અર્થે આપની પાસે રજુ થાય છે તો તેને આપ સર્વ સહાય અને સહકાર આપશો.

૨ આ અંક આપને મોકલીએ છીએ તે આપ ગ્રાહક ન થયા હોય તો ગ્રાહક થઈ આ માસિકના વાર્ષિક લવાજમના રૂા. ૨) તથા પરદેશના વાર્ષિક લવાજમના શિલીંગ ૫ નરતજ મ.ઓ.થી અગર કાર્યાલયની ઓફીસે રૂબરૂ પહોંચાડી દેશો. આશા છે કે દરેક સુજ્ઞ સત્સંગી બંધુઓ આ ઉગતા શ્રી ઘનશ્યામ વિજય માસીકને સાથ અને સહકાર આપી પોતે ગ્રાહક બની બનાવી સેવામાં સાથ આપશો એવી વિનંતી છે.

૩ આ માસિક દર અંગ્રેજી માસની ૫ મી તારીખ આસપાસ પ્રગટ થશે. વચગાળે ગ્રાહક થનારને પાછલા અંકો શિલીકમાં હશે ત્યાં સુધી મળી શકશે.

૪ લવાજમનું વર્ષ દર અંગ્રેજી વર્ષ પ્રમાણે જાન્યુઆરીથી ગણવામાં આવશે અને તે પ્રથમ આપવાનું રહેશે. હાલ તુરત વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨) એ તથા પરદેશ માટે શિલીંગ પાંચ રાખવામાં આવે છે.

૫ શ્રી ઘનશ્યામ વિજયમાં મમત્વ બુદ્ધિ રાખી તેની પ્રગતિ માટે આપ પ્રયત્ન કરશો અને બને તેટલા ગ્રાહકો મેળવી આપશો તો આપના આભારી થઈશું.

૬ અ. મુ. બાપાશ્રીએ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવેલી તથા અનાદિ મુક્તની સ્થિતિરૂપ મૂર્તિમાં રસબસ રહેવાના વગેરે સિદ્ધાંતોનો પ્રચાર થાય તેવાં અને તેને અનુકુળ લખાણો લેવાશે.

૭ પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો.

૮ સરનામાનો ફેરફાર લાંબા સમય માટે હોય તોજ કાર્યાલયને જણાવવું. થોડા દિવસ માટે હોય તો વ્યવસ્થા કરી લેવી.

૯ આ માસિકને કોઈવાર આપના સત્સંગ વિચારો લખી મોકલશો તો તે યોગ્ય સંયોગોમાં ખુશીથી પ્રગટ કરવામાં આવશે.

૧૦ આવેલા લેખો તેની ગુણવત્તાના પ્રમાણમાં ધ્યેયને અનુલક્ષીને યથાવકાશે લેવામાં આવશે.

૧૧ આવેલા લેખો ન છપાય તે પાછા મોકલવામાં આવશે નહિ.

૧૨ જવાબ માટે પોસ્ટની ટિકીટ બીડવી જોઈએ.

૧૩ લેખો દરેક અંગ્રેજી માસની તા. ૧૫ સુધીમાં કાર્યાલયની ઓફીસે મળી જવા જોઈએ.

૧૪ દરેક લેખો સારા અને સ્વચ્છ અક્ષરોથી કાગળની એક બાજુએ શાહીથી અને ભાષાની જોડણી શુદ્ધ કરી લેખો મોકલવા.

૧૫ આવેલા લેખોમાં ધ્યેયને અનુરૂપ યોગ્ય ફેરફાર તથા સુધારો વધારો શ્રી ઘનશ્યામ વિજયની વ્યવસ્થાપક સમિતિ કરી શકશે.

મુદ્રકઃ દુર્ગાશંકર મહાશંકર ત્રિવેદી
મુદ્રણસ્થાનઃ ઇન્ડીયન આર્ટ પ્રિન્ટરી, ગાંધીરોડ, ફુવારા સામે-અમદાવાદ.

પ્રકાશક:- "શ્રી ઘનશ્યામ વિજય"
C/O. શ્રી ઘનશ્યામ વિજય કાર્યાલય,
સ્વામિનારાયણ મંદિર રોડ, મુક્તનિવાસ
મણિનગર, અમદાવાદ